॥ ૐ ॥

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.

કુસુમચંદ્ર

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ચંદુલાલ હરગોવનદાસ શાહ.
માલેક—શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ.
હાલ મુકામ—ગ્રાંટરોડ વીકટોરીઆ થીએટર મુંબાઈ.

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા શ્રી "હરીશ"
પ્રીન્ટીંગ પ્રેસમાં કંચનલાલ ચુનીલાલે છાપી.

કીંમત ૪ આના.

॥ ॐ ॥

सत्सत् परमात्मने नमः

કુસુમચંદ્ર

નાટકનો ટુંક સાર તથા ગાયનો

છપાવી પ્રસિદ્ધ કરનાર

ચંદુલાલ હરગોવનદાસ શાહ

માલેક—શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.

ગ્રાન્ટરોડ વીક્ટોરીઆ થીએટર—મુંબઇ.

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "ઈંડીયા" પ્રીન્ટીંગ પ્રેસમા કંચનલાલ ચુનીલાલે છાપી.

સંવત ૧૯૭૬ સન ૧૯૨૦

આવૃત્તી બીજી પ્રત ૫૦૦૦.

હીંદુ કુટુંબોમાં જાણીતી

અને

પારસી કુટુંબોની માનીતી

ગરમ, સુતરાઉ અને ફેનસી કાપડની દુકાન.

અપુ—મીનીશાની કુંપની

છે.

જ્યાં તરેહવાર જાતનું બાનુઓ તેમજ ગ્રહસ્થોને ભરનુ દરેક કીસમનું કાપડ જથાબંધના ભાવે. છુટક વેચવામાં આવે છે.

હમારો મુદ્રાલેખ.

(૧) ગ્રાહકો સાથે નમનતાઈ.

(૨) એકદમ ઓછો ભાવ.

(૩) બીલકુલ નવોજ માલ.

ઠેકાણું:—

મંગળદાશ મારકીટ, ગલી નં૦ ૪.

ટેલીફોન નાં૦ ૨૭૬૨.

કુસુમચંદ્ર નાટકના મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

સમરસીંહ—સામંતગઢનો રાજા.

કુસુમચંદ્ર—નિરાધાર અવસ્થામાં સમરસીંહને ત્યાં ઉછરેલો અને પોતાના સદ્ગુણોથી સેનાપતિ પદપર પહોંચેલો વીર યોદ્ધો, પાછળથી પુષ્પાવતીનો પ્રિયતમ.

વીરસીંહ—વિલાસવતી નગરીનો મદોન્મત્ત મહારાજા.

બહાદુરસીંહ—એક બહાદુર બહારવટીઓ વીરસીંહનો ભાયાત.

નયનપાળ—વીરસીંહનો સેનાપતિ.

શામળો—એક વૃદ્ધ વિધુર, પુત્રનું માગું કરવા જતાં આશક થયેલો મૂર્ખ પિતા.

કુલીયો—"બાપસેં બેટા સવાયા" ની કહેવત ખરી પાડનારો શામળાનો કુળદીપક.

લાલીયો—પ્રેમકોરને પરણવા નીકળેલો નંબર ત્રીજો.

ઉપરાંત દરબારીઓ, સૈનિકો, બહારવટીઆઓ, [illegible], પુરોહિત [illegible] વિગેરે.

સ્ત્રી વર્ગ.

પુષ્પાવતી—અમરસીંહની પુત્રી, કુસુમચંદ્રની અર્ધાંગના.

વસુમતી—વીરસીંહની રાણી.

ડાહીકોર—ખાનદાનીની ઘેલછામાં ખુવાર થયેલી એક પ્રૌઢા વિધવા. પ્રેમકોરની માતા

પ્રેમકોર—ત્રણ આશકની એક માશુક.

ફૂલિયાની પત્ની.

પરાંત—સખીઓ દાસીઓ વારાંગનાઓ વીગેરે.

સ્થળ—સામંતગઢ વિલાસવંતી જંગલ અને બ્હારવટીઆનું રહેઠાણ વીગેરે.



શ્રી

કુસુમચંદ્ર

નાટકનો પ્રવેશાનુક્રમે સંક્ષિપ્ત સાર.

અંક પહેલો.

મંગળાચરણ અને વસ્તુસૂચન.

પ્રવેશ ૧લો—સ્વયંવર મંડપ—સમરસીંહની પુત્રી પુષ્પાવતીના સ્વયંવર મંડપમાં અનેક રાજા મહારાજાઓ એકત્ર થયા છે અને પુરોહિત પુષ્પાવતીને સર્વનું ઓળખાણ આપી રહયો છે ત્યાં બહારવટીઓ બહાદુર મંડપમાં પ્રવેશ કરે છે; જેથી રાજમંડળમાં ખળભળાટ મચી રહે છે; વીરસીંહ અને સમરબહાદુરને તેનો પ્રાણ લેવાની ધમકી આપે છે પરંતુ નીડર બહાદુર તેમને દાંતતોડ જવાબ આપી પુષ્પાવતીનું હરણ કરવા તૈયાર થાય છે તે જોઇ સર્વ રાજાઓનું ઉશ્કેરાવું. કુસુમચંદ્રને હાથે પુષ્પાવતીનો બચાવ અને બહાદુરનું અપમાનીત થવું.

ટેબ્લો.

પ્રવેશ ૨જો—રસ્તો—પરણવા ઉતાવળી થયેલી પ્રેમકોર કુલીયાને મળી તેની મા તેને લાલીયા સાથે પરણાવવા માંગે છે એવું જણાવે છે જેથી ચાલાક કુલીયો તેની પાસેથી લાલીઆની છબી મેળવી તેનો બાપ શામલો આવતાં તે છબી બતાવે છે અને બાપ દીકરો મળી લાલીયાનું કાસળ કાઢવાની વેતરણ કરી લાલીઓ આવતાં છુપાઈ જાય છે. બાદ લાલીયાનું આવવું, આડોસી પાડોસીના છોકરાઓએ ટીખળ કરી તેને ગાંડો ઠરાવવો, અને શામલાએ દાંભિક સ્નેહ બતાવી પોતાને ઘેર લઈ જવો. તે સર્વના ગયા પછી કુલીયા અને પ્રેમકોરનો આનંદ.

પ્રવેશ ૩જો—મહાલય—પુષ્પાવતીને બ્હારવટીઆના હાથમાંથી છોડાવવા માટે સમરસેન કુસુમચંદ્રને સારી જાગીર બક્ષીસ આપે છે અને બહાદુરને પકડી લાવવાનો હુકમ કરે છે. તેના ગયા પછી પુષ્પાવતીની દાસીઓ આવે છે અને યુકિતથી પ્રેમઘેલી પુષ્પાવતી પાસે કુસુમચંદ્રને લઇ જાય છે.

પ્રવેશ ૪થો—ઉદ્યાન—સ્વયંવર મંડપમાં પોતાના પ્રયત્નમાં નિષ્ફળ થયેલો બહાદુર પોતાના સહચરો સાથે પુષ્પાવતીનું હરણ કરવાના ઉદ્દેશથી તેના ઉદ્યાનમાં આવીને છૂપાઇ જાય છે. ત્યાં પુષ્પાવતીનું આગમન, સખીઓનો હાસ્ય વિનોદ ત્યાં દાસી સાથે કુસુમચંદ્રનું આવવું. સખીઓના ગયા પછી પુષ્પાવતી યુકિતથી કુસુમચંદ્ર પાસે પ્રેમ યાચના કરે છે, કુસુમ એક સાધારણ સરદાર હોવાથી રાજકન્યાનો સ્વીકાર કરતાં અચકાય છે કિન્તુ રાયરંકમાં ભેદ ન જોનાર પુષ્પાવતીના અત્યંત આગ્રહથી કુસુમચંદ્ર સરદાર તેની માંગણી સ્વીકારી પોતાની ફરજ બજાવવા જાય છે. પછીથી

મહારાજા વીરસીંહ ત્યાં આવી પુષ્પાવતીને પોતાની થવા વીનવે છે, પુષ્પાવતી તેનો તીરસ્કાર કરે છે જેથી વીરસીંહ તેને જોર જુલમથી ઉઠાવી જવા તૈયાર થાય છે. તેટલામાં છૂપાયલા બહાદુરનું ધસી આવવું અને વીરસીંહને હઠાવી સમરસીંહ અને તેના સૈનિકો આવતાં સુધીમાં પુષ્પાવતીને બેહોશ કરી ઉઠાવી ન્હાસી જવું.

ટેબ્લો.

પ્રવેશ પમો—જંગલ—બહાદુર, પુષ્પાવતીને એક ઘોર જંગલમાં ઉપાડી લાવે છે અને સમરસીંહ સાથેના વૈરનો બદલો તેની પાસેથી લેવા ધારે છે પણ પુષ્પાવતીના સચોટ શબ્દ બાણોથી તેની બુદ્ધિ ઠેકાણે આવે છે જેથી પુષ્પાને પોતાની બ્હેન માની કરેલા અપરાધની ક્ષમા માંગે છે, તેટલામાં બહાદુરને પકડવા નીકળેલો વીરસીંહ ત્યાં આવી ચડે છે તેને પરાજીત કરી કેદ પકડી બહાદુર પોતાના રહેઠાણ તરફ લઇ જાય છે.

પ્રવેશ ૬ઠ્ઠો—ડાહીકોરનું ઘર—લાલીયાને સપડાવવાની ચિંતા કરતી પ્રેમકોરને કુલીયો દીલાસો આપે છે ત્યાં શામલો આવતાં કુલીયો છુપાઈ જાય છે. દીકરા માટે કન્યાનું માંગુ કરવા આવેલો બુઢો શામલો પ્રેમકોરને જોતાં મોહાંધ બની પુત્રને બદલે પોતેજ પરણવાનો વિચાર કરે છે ત્યાં ડાહીકોર આવતાં શામલો બગભગત બની જાય છે ત્યાં તો દોડ ધમાલ કરતો લાલીયો આવી પ્રેમકોરનું માગું કરે છે પરન્તુ તેના દુશ્મન કુલીયાએ અગાઉથી પઢાવી રાખેલી એ ચાર કુલટાઓ આવી લાલીઆને પોત પોતાને ત્યાં લઈ જવાની ખેંચતાણ કરે છે જેથી ડાહીકોરે સગપણ કરતાં અટકવું અને લાલીયાની ફજેતી. ને બેઉ કુલીયાને આનંદ.

પ્રવેશ ૭મો—બ્હારવટીયાનું રહેઠાણ—બહાદુર, વીરસીહ કેદ થવાની ખુશાલીમાં મદ્યપાન નાચરંગ જમાવી રહયો છે ત્યાં તેને ખોળતો કુસુમચંદ્ર આવી ચડે છે. બહાદુર પ્રથમ જરા તેની કસોટી કરે છે પણ તેના આવેશ ભર્યા શબ્દોથી પ્રસન્ન થઇ પોતાનો મિત્ર માની પુષ્પાવતી તેને સુપ્રત કરે છે. પછીથી કેદી થયેલા વીરસીહનો ઈન્સાફ, પરસ્પર વિતંડાવાદ આખરે જીવ લેવાની તૈયારી ત્યાં વીરસીહના સેનાપતી નયનપાળનું છુપે રસ્તે આવી પહોંચવુ અને બહારવટીઆઓને ભુલથાપ ખવરાવી નદીમાં કુદી પડી બન્નેનું ન્હાસી જવુ. ટેબ્લો.

ડ્રોપ.



અંક બીજો.

પ્રવેશ ૧લો—રાજ સભા--બહાદુર સમરસીંહના દરબારમાં આવી પોતાના અપરાધની ક્ષમા યાચી પુષ્પાવતી કુસુમચંદ્રને સુપ્રત કરે છે જેથી હર્ષિત સમરસેન બન્નેનો હસ્ત મેળાપ કરી આપે છે. ત્યાં વીરસીંહનો પત્ર લઈ નયનપાળનું આવવું તેમાં કરેલી પુષ્પાવતીની માંગણીથી સર્વનુ ઉશ્કેરાવુ, નયનપાળનુ અપમાન અને યુદ્ધની તૈયારી.

પ્રવેશ ૨જો—મહાલય--પતિમિલનમાં આતુર બનેલી પુષ્પાવતી અને સખીઓનો વિનોદ. બાદ કુસુમચંદ્ર આવતા પતિ પત્નિની પ્રેમ ચેષ્ટાઓ અને કુસુમચંદ્રનું યુદ્ધ માટે જવું.

પ્રવેશ ૩જો—પ્રેમકોરના સૌંદર્યપર મરી પડતા શામલા અને કુલીયો બન્ને બાપદીકરાની એકજ કન્યાને પરણવા માટે હરીફાઈ, સખત શબ્દોમાં તડાતડી થયા બાદ શામલાનું ગુસ્સે થઈ ચાલી જવું અને કેટલાક ડંડેબાજો બોલાવી તેમની મદદ વડે બરાબર લગ્ન પ્રસંગે કુલીયાને ફસાવી પોતેજ પ્રેમકોરને પરણી જવાનો રસ્તો કરે છે, પણ કુલીયો છુપાઇને તે સઘળું સાંભળતો હોવાથી પ્રેમકોરને બોલાવી તેને બદલે લાલીયાને બંરી બનાવી પોતાના બાપ સાથે પરણાવી આંધળે બહેરું અથડાવવાની યુકિત કરે છે જેથી પ્રેમકોરની ચોતના પ્રપંચી પ્રેમી પ્રત્યે પ્રસન્નતા.

પ્રવેશ ૪થો—કિલ્લો--બહાદુર તરફથી મદદ ન મળવાથી અને પોતાનું લશ્કર થોડું હોવાથી સમરસિંહ અને કુસુમચંદ્ર યુક્તિથી લડવા નિશ્ચય કરે છે તે મુજબ કુસુમચંદ્ર કિલ્લામાં જાય છે અને સમર પાછળથી હલ્લો લાવવા માટે જંગલમાં છુપાય છે પરંતુ તે બાતમી ત્યાં છુપાયલો નયનપાળ વીરસીંહ આવતા આપે છે જેથી વીરસીંહ કિલ્લાપર હલ્લો ન કરતાં સમરસીંહ સાથે લડાઈ કરે છે તેમાં સમર પરાજય પામે છે તેની મદદ માટે આવતાં કુસુમચંદ્ર અને પુષ્પાવતીનું કેદ થવું અને સમરસીંહનો વધ.

ટેબ્લો.

પ્રવેશ પમો—અરણ્ય--મદદ માટે આવતો બહાદુર રસ્તામાંજ સમરસીંહ હણાયાના અને કુસુમચંદ્ર કેદ પકડાયાના સમાચાર સાંભળી અત્યંત ઉશ્કેરાય છે ત્યાં વીરસીંહની રાણી વસુમતી રાજધાની તરફ જતી જોવામાં આવતાં તેને અટકાવે છે અને વીરસીંહનાં દુષ્કૃત્યોનો યત્કિંચિત બદલો મેળવવા તેને કેદ થવા ફરમાવે છે કિંતુ વીરાંગના વસુમતી વીરસીંહને દુષ્કૃત્ય કરતો અટકાવી કુસુમ-ચંદ્રને છોડાવવાનું અથવા તો પોતાના પતિની સામે થવાનું વચન આપી રાજધાની તરફ ચાલી જાય છે.

પ્રવેશ ૬ઠો—કારાગાર--પોતાની દુઃખદ સ્થિતિપર શોચ કરતો બંદિવાન કુસુમ બેઠેલો છે ત્યાં જેલર આવીને તેને મોતની શિક્ષા થયાનું જણાવે છે જેથી કુસુમચંદ્ર જીંદગીની છેલ્લી ઘડીએ થોડી વારને માટે પુષ્પાવતીથી મેળવી આપવાની જેલરને પ્રાર્થના કરે છે જેલરનું હૃદય પીગળે છે અને પુષ્પાવતીને ત્યાં લાવે છે, પ્રેમી,


દંપતિની કરૂણાભરી અંતિમ મુલાકાત, તેટલામાં વીરસીંહનું આવવુ પતિ પત્નિનો મેળાપ જોઇ ગુસ્સે થવુ અને ફરમાન તોડવા માટે નિર્દયતાથી જેલરનો સંહાર, હવે વીરસીંહ પોતાનું ખરૂં સ્વરૂપ પ્રકાશી પુષ્પાવતીને પોતાના આધીન થવા કહે છે કિન્તુ ધિક્કાર મળવાથી કુસુમચંદ્રને જીવતાં ચામડી ઉતારવાનો હુકમ કરે છે. તેટલામાં અચાનક વીરાંગના વસુમતિનું આવવું. કુસુમનો બચાવ અને વીરસીંહને શીખામણ, પરંતુ દુષ્ટ વીરસીંહ પોતાની દુષ્ટતા છોડતો નથી જેથી વસુમતી તેની સામે થાય છે અને અંતે નયમ પાળને હાથે કેદ પકડાય છે.

પ્રવેશ ૭મો—રહેઠાણ--ડાહીકોરને આડુ અવળુ સમજાવી શામલા એ પોતેજ પ્રેમકોરને પરણવાનું નક્કી કરેલું હોવાથી કુલીયો લાલીયાને બોલાવીને પોતાના બાપના બધા કારસ્તાન ઉઘાડા પાડે છે અને બન્ને સાથે મળી શામલાને બનાવવાનો તાગડો રચે છે. પ્રેમકોર પણ તેમાં ભળે છે અને મીઠી વાતોમાં ભોળવી શામલા સાથે પરણવા માટે લાલીયાને બૈરી બનાવે છે ત્યાં મલકાતો શામલો આવી લાગતાં ભાડુતી ગોરને બોલાવી બન્નેના માથાં અથડાવી દે છે પછીથી દરેકની ધારણા મુજબ દરેકના ઉદગાર.

પ્રવેશ ૮મો—છાવણી–વસુમતી કુસુમચંદ્ર અને પુષ્પાવતીનો વધ કરવા માટે વધસ્થાનમાં લાવવામાં આવ્યા છે અને પહેરેગીરો વીરસીંહના આવવાની રાહ જોઇ રહયા છે ત્યાં બહાદુર અચાનક હલ્લો કરી પહેરેગીરોને ઠાર મારી તેની જગ્યાએ પોતાના માણસો ગોઠવી વસુમતી કુસુમચંદ્ર અને પુષ્પાવતીને નસાડી મુકે છે તેટલા

માં વીરસીંહ આવી કેદીઓને કતલ કરવાનો હુકમ કરે છે પણ તેનાજ નોકરના વેશમા રહેલો બહાદુર તે હુકમ ન માનતાં તેની સામે થાય છે. પોતાના કેદીઓને ન્હાસી ગયેલા અને બહાદુરને સામે ઉભેલો જોઈ વીરસીંહનો ક્રોધ, બન્નેની લડાઇ અને બહાદુર કેદ. ટેબ્લો.

ડ્રોપ.



અંક ત્રીજો.

પ્રવેશ ૧લો—અરણ્ય—કુસુમચંદ્ર અને પુષ્પાવતીને દીલાસો આપી એક સુરક્ષિત સ્થાનમાં રાખી વસુમતિ બહાદુરને કેવી રીતે છોડાવવો તે સંબંધી વિચાર કરી રહી છે ત્યાં બંદીવાનોની શોધમાં નીકળેલા વીરસીહ અને નયનપાળ આવે છે અને સર્વત્ર નિરાશ થવાથી આખરે બહાદુરનો જીવ લેવાનો નિશ્ચય કરીને જાય છે પરંતુ ત્યાં છુપાયલી વસુમતી તે સઘળું સાંભળતી હોવાથી કોઇપણુ પ્રયત્ને બહાદુરને બચાવવા માટે તેમની પાછળ જાય છે.

પ્રવેશ ૨જો—કારાગાર—છટકી જવાનો કોઈ રસ્તો ન હોવાથી બહાદુર નિરાશ થયો છે ત્યાં વસુમતી આવી તેને છોડાવે છે પરંતુ નયમપાળના આવી પહોંચવાથી બહાદુર પાછો પકડાઇ જાય છે. જેથી વસુમતી નયનપાળને અનેક પ્રકારે સમજાવી પોતાના પક્ષમાં લઈ વીરસીહ વીરૂદ્ધ ઉશ્કેરે છે. ત્યાં વીરસીંહનું આવવું બહાદુરને છુટેલો અને નયનપાળને ફરી બેઠેલો જોઇ ગુસ્સે થવુ, પરસ્પર સખત તકરાર અને આખર વીરસીંહની પીસ્તોલથી વસુમતી અને વસુમતીની પીસ્તોલથી વીરસીંહનો સંહાર. ટેબ્લો.

પ્રવેશ ૩જો—શામલાનું ઘર—કુલીચો અને પ્રેમકોર લાલીયા તથા શામલાની ગમ્મત જોવા તલપી રહયાં છે ત્યાં શામલો અને અને તેની વૈરી બનેલો લાલીયો પ્રેમ ચેષ્ટાઓ કરતા પ્રવેશ કરે

છે. થોડીવાર રીસામણાં મનામણાં ચાલ્યા પછી લાલીયાનું ખરા રૂપમાં જાહેર થવું તે જોઈ શામલાનો ક્રોધ ત્યાં ઠાકોરનું આવવું. અને પ્રેમકોરને બદલે લાલીયાને જોઈ અજાયબ થવું. આ પ્રકારે ઘોંટાળો જામી રહયો છે ત્યાં કુલીયો પ્રેમકોર સહીત જાહેર થાય છે અને ગુસ્સાથી સળગી જતા શામલા અને લાલીયાને સમઝાવી ઠંડા પાડે છે. શામલો અને લાલીયો જો કે મનમાં તો બળી રહયા છે પણ પરણી ચુકી કન્યા કુલીયાના હાથમાંથી પાછી ન મળે તેમ હોવાથી તમાચો મારી મોઢું લાલ રાખવા જેઓ આનંદ જણાવે છે. આ રીતે પ્રેમકોરના પ્રેમની મ્હોકાણ અને ત્રણ વરની તાણા તાણનો આનંદી અંત.

પ્રવેશ ૪થો—રાજસભા–વીરસીંહનો બાળકુમાર કેટલાંક વર્ષો પહેલાં ગુમ થયો હતો તેજ સમરસીહે ઉછેરેલો કુસુમચંદ્ર છે એવું એક વૃદ્ધ પ્રધાને ખાત્રી પૂર્વક જણાવવાથી વીરસીંહના રાજ્યાસને નયનપાળને હાથે કુસુમચંદ્રનો રાજ્યાભિષેક બહાદુરસીંહ નયનપાળ વીગેરેને નવારાજા તરફથી યોગ્ય શીરપાવ અને સર્વને આનંદ.



ૐ

શ્રી ગણેશાયનમઃ

શ્રી

કુસુમચંદ્ર

નાટકના ગાયનો.

અંક પહેલો.

(મંગળાચરણ.)

સુત્રધાર અને બાળાઓ— ૧

દયાના નિધિ કમલાપતિ મહિમા અતિ મતિમાં ન આવે

દિવ્ય રૂપે તવ કૃતિ વિલસાવે—દયા.

જેમ વ્યાપક તું વિવિધ ભાવે ત્યમજ વિવિધ રૂપથી

ભાવે સહુ ભજતા સહુ તને સ્મરતા—દયા.

એક તરૂ વિટપો અનંત ત્યજ આ જગમાં

અનંત નામો ધારતા અજ અઘ હરતા—દયાના.

બાળાઓ— ૨

મધુરો છે પ્રેમ કેરૂ પ્યાલો, પણ તે નિશો છે સર્વથી

નિસબો વિલાસમાં

કોઇ તેનું પાન કરી ભાન સાન ભૂલતાં,
કોઇ બને ઘેલા કોઇ ફોકટમાં ફૂલતાં,
જીરવી શકે તે જગત્ જીતે લઇ પ્રેમની પરાગ,
રાગ રીતે સહવાસમાં—
સાચાં તે પ્રેમી જે પ્રેમને શોભાવતાં,
સમય આવ્યે પ્રાણ તજી નેહને નીભાવતાં,
વિષય અંધ નવ ઠરતાં, દિવ્ય પંથ સંચરતાં,
હૃદય સાથ હર ધરતાં, રહેતાં ઉલ્લાસમાં—

સખીઓ— ૩

ધારી વરમાળા, મદભરી ચાલે ચપળા વર વરવા,
મનના કોડ પુરા કરવા—
વદન સુધાભર સુંદર ઝળકે, મયંક મદ હરવા—
કેઇ જન્મના તપનું ફળ, આ જન્મ સફળ કરવા,
રતિ સમ સહચરી ભાગ્યશાળી જે.
મેળવશે તે તરણી ભવ તરવા......................

પ્રેમકોર— ૪

મૂઇ ખીલતી જુવાનીને ક્યાં છુપાવું,
ક્યાં છુપાવું, એને હું ક્યાં છુપાવું,
મુઆથી ક્યાં બચાવું, મારગડે કેમ જાવું—મૂઇ.
મારગડે માન રાખી હવે કેમ ચાલવું રે,
ધક્કા મારે છે મૂઆ બ્હાનાં લઇ ભીડનાં—ક્યાં.

ફુલીઓ અને પ્રેમકોર—   ૫

તારી આંખડીની સબમરીનથી નખરાંની ટોરપીડ
ફુડુડુડુડુડુ........(૨)........છુટી જેવી........તારી
ફુડુડુડ....(૩) ભૂસ, મ્હારાં દિલડાંની ડ્રેડનોટ તૂટી તેવી
પ્રેમ વિમાને ચઢીને વ્યોમ, ફેંકો નહિં આ બોલ બોમ્બ
કુપ ગન તણા ગોળા, છોડે તારા ડોળા,
ઝેરી ગ્યાસથી સંભાળ..................................મારા.

સખીઓ—   ૬

માલતી લતા કુંજ લીલી, રૂપેરી ચંદા રસ ઝીલી,
પુષ્પની પાંખડીઓ ખીલી, મધુકર આવજો,
મારી મીઠી રસકુંજને શોભાવજો.
નંદન વનની કલ્પવેલીનાં દરશન કરવાને,
રસ સરવરપર પ્રણય પવનથી દીલડાં ભરવાને,
શ્રાન્તિ ભવની હરવાને છેલા આવજો.
અવિચળ કીર્તિ વરવાને વ્હેલા આવજો—

સખીઓ અને પુષ્પાવતી—   ૭

લાલ સલુણાં તારાં લોચનીયાં....તારાં લોચનીયાં
પ્યારાં લોચનીયાં—
આંસુથી છલકે આજે, સજની મદ જળમાં તરનારાં—
આશા સાગરને તીરે, સંચરતી ધીરે ધીરે,
ત્યાં ભોળ નિરાશા આવી, અધવચ મમ નાવ ઝુલાવી.
પરઠાર પાર કરનારાં........તારાં........લાલ
ઊમળકા મનના મનના, શમતાં દવ લાગે દીલમાં
જીવ જાતો ઝટકે ઝટકે, કાંટા કાળજડે ખટકે
છે કાંટાથીય આકારા........તારાં........લાલ.

સખીઓ અને પુષ્પાવતી— ૮

છે એ છબી કામણગારી, નીરખીશ નવ રાજકુમારી
આગળ ચાલ [૩]
વશ કરશે, એ આંખડી કામ કટારી.......આગળ
મારા મમ સુજને જોવાદે, મૂરતી એક બાને
નયન પીંછીએ આલેખન કરૂં [૨]
હૃદય ગ્રંથને પાને પાને.
ઉતાવળી નવ થાને...........આગળ
શું ચાલું મમ કોમળ હૈડે કૈં કૈં ખુત બાને
રસ સાગરનું દર્શન પામી (૨)
સખી બની આતુર અનુરાગે
જોજે ચોટ ન લાગે...........આગળ.

પુષ્પાવતી અને કુસુમચંદ્ર— ૯

શાણા સમજુ, શું શીખવું અભેદજ્ઞાન
પ્રેમ રાજ્યમાં છે રાયરંક સર્વકો સમાન
મોટા પહાડ નહીં નાની નાની મૂરતીઓ
નીચું આમ્ર ઉંચા તાડ થકી કિમ્મતી ગણાય—શાણા.
આપ રાજબાળા, હું એક દીન દાસ
કેમ કાચ અને કુન્દનનો શોભે સહવાસ
નથી કાચ, કાન્ત રત્ન છો અધીક મુલ્યવાન
હવે કિકરી સ્વીકારો માન મુકો સુજાણ—શાણ.

૧૦

ફૂલીયો લલિયો અને ગળેપડુ રાંડો—

હલ ઇડાં મૂકે છડી ફીડાં ઉઠાં વીને સુઆ તાજી પાડની મલ
જાય ફીફ્રાતાં ચોર મુકે પો પોયરાં ઘેર ઈનેતો હુંભાળ
મીં સોડનારકા પસલી પસલી તોડુની કરીન તુઝા નીકાલ
આવ્યોતો રાખવા માનેતો હાલ સુઆ હવે તારી માસાથે તું હાલ

— કોરસ —

સમજાવો કોઈ આવીને કે શોછે આ ગુંચવાળો
એક બૈરી બદલે થયો ચાર બૈરી વાળો
આ ઘાઘરા પલ્ટનથી કોઇ મને સંભાળો
ગોટાળો........(૨) જોયા જેવો ગોટાળો

વારાંગનાઓ—   ૧૧

હો શ્યામ ! અમને નેહ લગાડી, શું તલસાવે આમ
તુજ વીણ સૂની વાટલડી, આ મધુવનનો વિશ્રામ—
ગુંથી વ્હાલથી વનમાળામાં, આંસુડાંનાં મોતી
બની બ્હાવરી કુંજનીકુંજે, જમના તટપર જોતી
ગોતી ઠામ, ક્યાં જઈ ઠરી...........
રાખે મનના મંદિરીયામાં મુરતિ કાળજું કોરી
તોય નથી ગમતી શું નગણુા ગામડીયાંની ગોરી
દોરી જાય, શું દુઃખ દરીયે............

— ડ્રોપ —

અંક ૨ જો

વારાંગનાઓ— ૧૨

(સ્થાઇ) સરગમ

ॐ | નિસાગસા | મ–મપ | ગમપગ | મરેગસા |

ॐ | પનીસા— | પનીસા | રેસા–સા | ગરેગમ |

| પમ–મ | નીધપમ | પગ–મ | ગરેસારે |

(અંતરા)

ॐ | પ–પગ | ગમપનિ | પસાં–સાં | રેંસાં–સાં |

| ગં–ગંરેં | –રેંસાં– | રેંનીધપ | મગરેસા |

| સાનીરેસા | ગરેમગ | પમધપ | નીધસાંની |

| રેંસાં–સાં | નીં–નીધ | —ધપ— | પમ–પ |

| ગમપનિ | સાંરેંસાં | નીધપમ | ગરેસા— |

| મંગંરેંસાં | નીધપમ | ગરેસારે | –નિસાગસા. |

પુષ્પાવતી— ૧૩

પીટયો સરકે પાલવડો, હરતી કંચુકીની કોર

ડસે તનપર આછી આછી ઓઢણી—પીટયો

અધીરી બની છું વ્હાવરી બાળા
રતિવર લાવે અજબ ઉછાળા
આરોપીને માળા, આલિંગી ભેગાળા
જુવાનીને ઝુલે, જોવા રસીલાના ચાળા—પીટયો

સખીઓ અને પુષ્પાવતી— ૧૪

તને લાગ્યો અનંગનો એ રંગ અંગો અંગે કીધી ઘેલી
શું હું ઘેલી ?...........હા અલબેલી...........તને
લાજ સરમ છાંડી મીટ માંડીને જોતી વાટ સખી સલુણાની
રંગ તરંગ શાનાં મારી જાણે છે બલા
કેડ મૂકોને મરો છાની
નવ છુપે નખરાં તારા છાને તું છાના રાખે
જોવાને તારા શ્યામ આડી આમ દ્રષ્ટિ નાંખે
આ ધીરી અધીરી તું તો મોહ મુગ્ધ સાહેલી
છે ઘડી એક આ છેલ્લી મદઘેલી —તને

પુષ્પા અને કુસુમ— ૧૫

વ્હાલો વ્હેલા સીધાવો કીર્તિ વરીને આવો
છો રણશૂરા સ્વામી મારા સોહામણા
સ્નેહે સહુને સંભાળે, વિઘ્નો પલકમા ટાળે
જગનો સ્વામી પુરે સહુની મન કામના—વ્હાલા.

જીવન ધન વારૂં વિનવું વિભુને,
જીતે જીવન આધાર
નિશ્ચય નીતિને ધર્મે જય છે સમરમાં
થાશે શત્રુનો સંહાર
જય માળા, હરી લાવો, રણભૂમી શોભા—કીર્તિ.

પ્રેમકોર અને ફૂલીયો— ૧૬

સ્નેહ દોરથી સાંધી રસીલા, બંધન બાંધી રંગીલા
રાખું રંગમાં
ખુબ જોરથી બાંધો કસીને, મીઠું મીઠું હસીને
જીતો જંગમાં
જાણ્યા પૂરા ધુતારા જીવન આધારા મારા
હાય તું નવેલી નારી, મોહમાં ફસાવનારી
લટકે લોભાવનારી મૂરતિ જાદુ ભરેલી [૩]—બંધન
છો ઠગારા છેલડા.......તુંથી હારી ગયો હું
નડતર સઘળાં દૂર કરીને મોજમજા લ્યો માણી
હું રાજા તું રાણી રમણી થઇ ગ્યો પાણી પાણી
હવે જાણ્યું, શું જાણ્યું ?....હાય તું નવેલી.

વસુમતી— ૧૭

અરે જે વિષય દોરે બંધાણો, તે રાવણ સમ રોળાણો
પામ નર અમર સમાણો.... ....

તજી અભાગી આપ વનિતા, પરનારી પર મરતા
વિષય અંધ બની અલ્પ જીવનમાં, પર ઘરઘર ભટકતારે
ધિક્ક તે નરને શ્વાન સમ જાણો.... ....

વસુમતી— ૧૮

અરે ગમાર, પાપ ભાર, પતિ તને ધિક્ક
કરમ ફુટેલ તું છે વ્યભિચારી—
ધર્મ કર્મ છાંડી ચાહે પરનારી.... ....અરે
પિતા તુલ્ય તું તે દુહિતા છે તે પર નજર ન કરતું
પરદારા પોતાની માને, નર્ક કુંડમાં પડીને મરતું—અરે

કુસુમચંદ્ર— ૧૯

છાયા વૈભવ વાદળ ફેરી પળ વિપળમાં
પલટતી અજબ ઈશની માયા—
આવે અભિમાન જ્યાં, વિધવિધ રંગ વિધિ બતાવે
ભૂલે સહુ ભાન ત્યાં જીવન ધન વ્યર્થ ગુમાવે—

ફૂલીયો, પ્રેમકોર અને લાલીયો—૨૦

આવા ઘો લગન નાટકિયાં
પછી ભલે પિંજાંએ જટિયાં—
સાડી ઓઢી પહેરી પોલકું, માથે પાડું પટીયાં
સોંપી મૂછાળા સાથ મુછાળો પ્રેમી યુગલ છટકિયાં—
માની ડાહ્યો મનમહીં પુરે. ફુલીના ચોક
જોતા મોઢું શામળો મુકે બાપની પોક—

પડોશણો હાલીયો અને ફૂલીયો—૨૧

અમે ઇડરિયો ગઢ જીત્યાંરે આનંદ ભર્યા
જોજો પછી કે વીતકડાં શાં વીત્યાંરે—આનંદ ભર્યા
શામજીભાઈ પરણાવીને ઉઠયાંરે ,,
ચક્ષુ ઘુંઘટાથી સહુંના ફૂટયાંરે ,,
આજે ભારીયાં સરોવર છલીયાંરે ,,
માશાં મરદે મરદનાં મળીયાંરે ,,
આજે કાચી કેરી પાકીરે ,,
શામળાની આંખમાં ધુળ નાંખીરે ,,

— ડ્રોપ —



અંક ૩ જો

વસુમતી— ૨૨

આવી શી દશા દુઃખકારી બલિહારી વિભુ તારી
વરજી ન કદી હુરજી ધરમરાય
નીતિ ન ચુકી સત્યને પંથ જાય
આવો તું ન્યાય થાય
પાપ પીછે જય ભાળી, વા મુરારી....બલિહારી૦

વસુમતી— ૨૩

કંટકમય આરે જગમાં જોઇ વિચારી ભ્રાતા
ડગ ભરીયે દીલમાં ડરોયે...,............
પાપી જનના સેવક થઇને પાપ કર્મ આચરવું
ભલું તે થકી ભ્રાતા ભવમાં પેટ ફોડીને મરવું—જોઇ
ડગલે ડગલે દુઃખ પાપ છે માયામય સંસારે
તેમાં જે ચેતી ચાલે તે તરે બીજાને તારે—જોઈ

શામલો, ફૂલીયો અને લાલીયો—૨૪

વાદળ મેઘ માલિની હટાડો. કંઠની મધુબંસરી વગાડો
વદન સુધાચંદ્ર દેખાડો, આ વાતમાં છે સાર કે ગોટાળો
ચલતાપૂર્જાનો પેચ આ નિરાળો, આંખો તો સૂરદાસજી ઉઘાડો
કાયા પલટમાં હું તો મૂ[illegible] છું સતીતોરલવાળો

જરાજો ગાફિલ મુસાફીર છે, એ ઘુંઘટો ભૂલભૂલૈયાંનો
અમૃતનો દેખાવ છે રૂપાળો, આ વાતમાં છે સાર કે ગોટાળો

૨૫


પ્રેમકોર, લાલીયો, ફૂલીયો, શામલો અને ડાહીકોર—
ગાઓ ગાઓ સહુ ગીતો આનંદનાં (૨)
સ્નેહી જનને ઘર ઘર રહેજો, આનંદ આ વરતાઈ
દુશ્મન આંખે ધુડ પડો, જોઇ ફૂલીયાની ચતુરાઇ
પહેર્યો ઘાઘરો તોપણ અંતે હું રહ્યો વખાતો
બુદ્ધિનાં અજીરણ માંહી, હું થયો હતો મદમાતો
પણ કહેવત છે ડાહ્યા કાગડા બે પગથી બંધાતો
[ઘર સંભાળો, મોઢું બાળો સુખડાં ભાળો, દુખડાં ટાળો]
ગોટાળો........(૩)..................................ગાઓ

સમાપ્ત.

જુના અને જાણીતા

ડાહ્યાભાઈ જગજીવનદાસ

જરીવાલા.



હમારે ત્યાં ચોખ્ખી ચાંદીની ભરતકામની જીક, ટીકી, કાંગરી, કટોરી (કુળીયા) નાકા તથા લાકડી કસબ-ગોટા (રીબીન) વિગેરે દરેક જાતનો જરીમાલ હમારે ત્યાં તૈયાર મળશે તથા ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે તેમજ ઓર્ડર પ્રમાણે દરેક જાતનું અપ-ટુ-ડેટ ફેશન મુજબનું ભરતકામ બનાવવામાં આવે છે.

હમારા કારખાનાની બનાવટની ઉંચી કારીગરીની ખાત્રી માટે મુંબઇ તેમજ કલકત્તાના મોટા એક્ઝીબીશનોમાંથી સોનાનાં ચાંદ—સરટીફીકેટો મળેલાં છે.

નં૦ ૩૭ ભીંડી બજાર—મુંબઇ.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી લક્ષ્મી કાન્ત નાટક સમાજનો મુકામ જ્યાં હોય ત્યાંથી રોકડી કીંમતે મળશે, વી૦ પી૦ થી મોકલવામાં આવશે નહીં.

૧ દાનવી માયા નાટકનાં ગાયનો			૦–૪–૦
૨ સૂર્યકાન્ત	,,	,,	૦–૪–૦
૩ ભોડાણો	,,	,,	૦–૪–૦
૪ સુધા ચંદ્રિકા	,,	,,	૦–૪–૦
૫ પ્રેમ સંહાર	,,	,,	૦–૪–૦
૬ પાવાગઢનો પ્રલય		,,	૦–૪–૦
૭ શંકરાચાર્ય	,,	,,	૦–૪–૦
૮ શકુંતલા	,,	,,	૦–૪–૦
૯ વીર કુણાલ	,,	,	૦–૪–૦
૧૦ કુસુમચંદ્ર	,,	,	૦–૪–૦

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.